श्री गणेशाय नमः

કનક-કેશરી નાટકનાં ગાયનો.

રચાવી છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી વાંકાનેર નૃસિંહ નૌતમ નાટક સમાજ

વેચાણુ લેનાર

વિઠ્ઠલદાસ હેમજીભાઇ ભાવનગરવાળા

શ્રી વિજય નૌતમ નાટક સમાજના માલીક

મુ. કરાચી.

હિતેચ્છુ પ્રેસમાં હરિલાલ વાલજી ઠાકરે છાપ્યું,—કરાચી.

આવૃતિ પહેલી — પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૩ — સને ૧૯૧૭

કીંમત ૦—૨—૦

કનક—કેશરી નાટકનાં પાત્રો

પુરૂષ પાત્રો

કનકસિંહ......કુસુમપુરના ચક્રવર્તિ મહારાજા
કુસુમસિંહ......કનકસિંહની જુની રાણીનો કુમાર; કુસુમપુરનો યુવરાજ
કીર્તિસિંહ......કનકસિંહની નવી રાણીનો કુમાર
કેશરીસિંહ......કુંદનપુરનો રાજા, કનકસિંહનો સગો ભાઈ
કોટિદ્રવ્યસિંહ....કુસુમપુરનો મુખ્ય મંત્રી
કલ્યાણસિંહ....કનકસિંહનો વફાદાર સરદાર
ક્રુરસિંહ.........કુંદનપુરનો પ્રધાન
કિશોર..........ક્રુરસિંહનો પુત્ર
ચક્રમસિંગ......કુંદનપુરનો એકટીંગ નાયબ દીવાન
સાંકલજી........કુંદનપુરનો નિવાસી, એક પૈસાદાર ખવાસ અવળી કેળવણીથી બનેલો નકલી સુધારાનો સાથી પાછળથી અબળાનો થએલો પતિ

તદુપરાંત—દરબારીઓ સીપાઈઓ મારાઓ વિગેરે.

સ્ત્રી પાત્રો

ભાનુમતિ.....કનકસિંહની નવી રાણી, કુમાર કીર્તિસિંહની સગી માતા

ભાગીરથી....કેસરીસિંહની રાણી

કલાવતી.....કીર્તિવર્યસિંહની કુમારી, અને કુસુમ કુમારની પ્રણયિની

ચપળા.......એક વિધવા ભવાઇયણ પાછળથી બનેલી મોહનજીની સ્ત્રી

કુંતલા........ચપળાની વિદુષી કન્યા

તદુપરાંત–સાહેલીઓ કંચનીઓ નાયકાઓ વિગેરે.

સ્થળ:— કુસુમપુર, કુંદનપુર, વિરામપુર નૈમિષારણ્ય, અને તેની નિકટનો પ્રદેશ.



श्री हरि ॐ परंब्रह्म परमात्मने नमः

કનક-કેશરી નાટકનો ટુંકસાર.

પ્રારંભ પ્રાર્થના

અંક પહેલો.

પ્રવેશ ૧ લો રાજદરબાર—રાજા રોહજીના શુભપ્રસંગ પર બાળા વિશાળ સામ્રાજ્યના સમ્રાટ બનાવવા સંબંધી રાજા કનકસીંહ તથા કુમાર વગેરેની પ્રભુ પ્રાર્થના યુવરાજ કનકસીંહના રાજા રોહજીનો આનંદ—પિતાએ પગલે પગલે ચાલી પ્રજાને પુર્ણ સુખશાન્તિથી રાખવા સંબંધી રાજા ૧૮ રાજાના પ્રતિજ્ઞા વચન, રાજપ્રજાની એકત્રતાનું દિગ્દર્શન, મુખ્ય મંત્રી ગોવિંદસીંહ અને મુખ્ય સરદાર કલ્યાણસીંહ વચ્ચે "દરબાર ભરવાના પ્રશ્ન" સંબંધી વિવેચન, નાયકાઓનાં નૃત્યગાન—આનંદ મંગળ ધ્વનિસાથે દરબાર ઉત્થાપન—

પ્રવેશ ૨ જો રાજઅંતઃપુર—પ્રિયતમની પધરામણી પર રાણીબાઇનું પતિના સત્કાર—બાદ કનકસીંહનું અંતઃપુરાગમન વર્તી

પ્રિયતમ પ્રિયતમા વચ્ચેના પ્રબળ પ્રેમોદ્‌ગાર—સ્વગૃહે દરબાર ભરી આમંત્રણ આપવા આવેલા મંત્રી-કૌટિલ્યસીંહ અને મહારાજા વચ્ચે ઉદ્‌ભવેલો વિષમ વૈરનો અંગાર—અને પ્રધાનનો ધીક્કાર—

પ્રવેશ ૩જો ચપલાનું મકાન—વિધવાપણાની વિપત્તિથી કંટાળતી અને સરખી વયની સૌભાગ્યવતિ સુંદરી યુવતિઓના સુખભોગ ભાળી સંતાપ પામતી ચપલાના અંતઃકરણના બળાપાના ઉદ્‌ગાર ઉંધી કેળવણી લઇ "પોથીમાંના રીંગણાં" જેવા પંડિત બનેલા નકલી સુધારાના સાથી અને ચપલાપર આશક થયલા સીંહજી નું આવવું, પોતાની પંડિતાઇ અને પ્રપંચાઇનું ગોટાળા ભર્યું ગાડું ગબડાવવું, અને મોગ્યવયે આવેલી કુતલાના વરની શોધ કરવાનો નિશ્ચય કરીને જવું—

પ્રવેશ ૪થો કેસરી ભુવન—નાયકાઓના નાચરંગ સાથે શરાબી-તાનમાં ગુલતાન બનેલા, અને કૌટિલ્યસીંહજીની કૌટિલ્યતાના ભોગ થએલા કેશરીસીંહના પોતાના મોટા ભાઇ કનકસીંહ પ્રત્યેના કુત્સિતઉદ્‌ગાર મહારાજા કનકસીંહનો પત્ર લઇ કુસુમ પુરથી નન્દા દાસીનું આગમન પત્રપાઠ કરતાંજ કેસરી કોપાયમાન—નન્દાપર અત્યાચાર રાણી ભાગીરથીને હાથે પત્રનો જવાબ લખી ભાગી-રથીના સ્વસ્વામિ પ્રત્યે કુટુંબકલહ નહિં આદરવાના આવશ્યકિય ઉદ્‌ગાર—કેશરીએ તેનો કરેલો તિરસ્કાર, ને અવશ્યતુર્ક આરંભ-વાનો નિરધાર—

પ્રવેશ પમો—કૌટિલ્ય ભુવન–મહારાજા કનકસીંહે કરેલા અપમાનનો ભીષણ પ્રતિશોધ લેવા સંબંધી કૌટિલ્યસીંહના કૌટિલ્ય ઉદ્ગાર, કળાવતીનો સાહેલીઓ સંગે વાણી વિનોદ, સંમ ત્વચરકી સખીઓની ઠંડી ઠઠોલી, કુમાર કુસુમસીંહ અને કલાવતીનું પ્રણય મિલન–તથા ઉભયે એકી સાથે નિરધારેલું સમર ભૂમિનું ગમન–

પ્રવેશ ૬ ઠો—ચપલાગૃહ–કુંતલા–કિશોરનો માર્મિક પ્રણયવિનોદ અને અરસપરસ એક બીજા સાથે પરણવાની લીધેલી પ્રતિજ્ઞા–સિંહલજીનું આગમન, કાપટ્યમુર્તિ કુંતલાનું વિલક્ષણ વર્ણન–અને કુંતલાને નિહાળી સીંહલજીના અંતઃકરણનું થએલું પરિવર્તન ચપલા સાથે કુંતલાના વર સંબંધી વિવેચન. સીંહલજીની મુર્ખાઈ પર ચપલાને ચડેલો ક્રોધ,–ઉભય વચ્ચે ઉપજેલો વિરોધ–

પ્રવેશ ૭મો—સમરભુમિ–કનકસીંહની યુદ્ધ શિબિર–રણભુમીમાં અગાઉથી આવી પહોંચેલા કળા–કુસુમ ના રાજપુત જાતિ સંબંધીના અસરકારક–ઉદગાર, કેશરી અને કનકનો સમરસ્થલમાં ભેટો,–"ભાઇ ભાઇ વચ્ચે ભીષણ યુદ્ધ આરંભી નાહક નિર્દોષ યોદ્ધાઓનાં રૂધિરો નહિ રેલાવવા સંબંધી" રાજા કનકસીંહના કેશરીસીંહ પ્રત્યે—

"ધિક્કાર લાખો વાર એ અન્યાયના સંગ્રામ છે.
લક્ષણ નહિ એ ક્ષાત્રનાં પણ નીચ નરનાં કામ છે.
ક્ષાત્ર કુલ ગૌરવ ત્યજી નવ અસત પંથે ચાલવું,
કરી કીર્તિ અથવા વીરતા કાં સ્વર્ગમાં અંતે જવું."

વધેર વધેર બોધ વચન, કેશરીએ બેનો અસ્વીકાર કરવાથી જાગેલો ભીષણ સમરાનલ, બે વૃદ્ધ કૌટીલ્યસીંહે શિબિરમાં લગાડેલો દાવાનલ, કટાકટીના કાલે સમરમાં રાણી ભાનુમતિ તથા બાલક કુમારને લઇ રક્ષણાર્થે લોહાણસીંહનું પ્રયાણ, અપૂર્વ પુન્યે કેશરીનો વિજય—

ટેબ્લો

અંક પહેલો સમાપ્ત.

અંક ૨જો

પ્રવેશ ૧લો અરણ્ય—અધર્મ યુદ્ધથી જય પામેલા કેશરીસિંહનું સ્વ સૈન્ય સહ નીકળવું અને કનકસિંહને જીવતો યા મુએલો પણ પોતાની સમક્ષ રજુ કરવા કૌટિલ્ય સિંહને રવાના કરી, પોતે કુસુમપુરમાં સ્વસત્તા સ્થાપનાર્થે જવું.

પ્રવેશ ૨જો—સળગેલી શિબિરમાંથી ભાનુમતિ વિગેરેને સહીસલામત લઇ ગુપ્ત સ્થાનમાં કલ્યાણસિંહનું આગમન, રાણીનું આક્રંદ, કુમાર કુસુમને શોધતા બ્હાવરા બનેલા રાજા કનકસિંહનું પણ આગમન, કુમારને શોધી નિર્ભય સ્થાને મુકવા માટે વીર કલ્યાણ સિંહનું પ્રયાણ, અને વિધિ કૃતિને માન આપતા મહારાજ કનક સિંહનું રાણીને આશ્વાસન આપી ગુહા પ્રત્યે ગમન. બાદ તેમની શોધ કરતાં કૌટિલ્યસિંહનું આવાગમન, તે દરમ્યાન કુમારને સુરક્ષિત કરી વીર કલ્યાણસિંહનું પણ અત્રે પ્રત્યાગમન, સૈન્ય સાથે કૌટિલ્યને આવેલો જોઇ કલ્યાણસિંહને ઉપજેલું ક્રોધવર્ષણ, કૌટિલ્ય અને કલ્યાણ વચ્ચે વિતંડાવાદ. વફાદાર વીર કલ્યાણની અલૌકિક વફાદારી, અને કૌટિલ્યની ધારણામાં તેણે પહોંચાડેલી ભયંકર ખુવારી.

ટેબલો

પ્રવેશ ૩જો ચક્રમસિંહની ઑફિસ—કુંદનપુરના ઑફિટીંગ નાયબ દીવાન ચક્રમસિંહને ત્યાં સિંહલજીએ ચપલા ધરના પોતાના સેવા

ની માંડેલી ફરીયાદ, ચક્રમ અને સિંહલજી વચ્ચેનો રમુજી વિતંડા વાદ, ચપલાના ચંપલ ચક્ષુ આગળથી ચક્રમ ભેજાના ચક્રમસિંહની બુદ્ધિ બરબાદ. અને બીજી મુદત પર મુલતવી રાખેલી સિંહલજી ની ફરીયાદ.

પ્રવેશ ૪થો. અરણ્ય—બાલક કુમાર કીર્તિસિંહ સાથે અરણ્યમાં ભુલી પડેલી વંદા દાસી આક્રંદ કરે છે. તે દરમ્યાન કેશરીસિંહ સૈન્ય સાથે ત્યાં આવી તેની પાસે પ્યારની માગણી કરે છે. અને કનકસિંહનો પક્ષ તજી પોતાના પક્ષમાં આવવા અનેક પ્રકારે સમજાવે છે. પરંતુ વંદા એકની બે ન થવાથી તેને કેદ કરી લઇ જાય છે.

પ્રવેશ ૫મો. અરણ્ય—ઘોર અરણ્યમાં પદભ્રષ્ટ થએલાં, રાજા, રાણી, કર્મની બુરી કહાણી, રાજાજ્ઞાથી કલ્યાણસિંહનું રાણી સાથે કોઇ નિર્ભય સ્થાનમાં પ્રસ્થાન—કેશરીનું ભાઇને શોધતાં શોધતાં આગમન-બન્ને ભાઇનું પુનર્મિલન ઉભય વચ્ચે અસર કારક સંવાદ-બાદ ભીષણ રણ સંગ્રામ-દરમ્યાન દીવાની સ્થિતિ માં ભાનુમતિનું આગમન-ભાભી દીયર વચ્ચે પુનઃ ભયંકર સંગ્રામ બીજી બાજુથી કુમાર કુસુમસિંહનું માતાની મદદે આગમન-કુસુમ દ્વારા કેશરી, અને કોટિલ્યદ્વારા કુસુમ ઘાયલ.

ટેબ્લો

પ્રવેશ ૬ઠો—કોરટે ચડેલા સિંહલજીનું એક વખત ધરમેળે ચપલા સાથે સમાધાન કરવા માટે ચપલા ગૃહે આગમન-કુંતલા-કિશોરના પ્રણય મિલનનો નાટય પ્રયોગ-અને કિશોરે ભજવેલો અત્તર

ગુપ્તાગત્રાળાને। સ્વાગ પ્રિયા—પોપટનો આંતરિક ઉમંગ—સીંહલછની મૂર્ખાઇનો પુનઃ નીમેલો રંગઢંગ, ફરીથી સિંહલ, ચપલા વચ્ચે જામેલો જંગ

પ્રવેશ ૭મો વિશામપુરમાં કલ્યાણસીંહનું મકાન—અપર માતાની મદદે જતાં જખ્મી થએલા કુમાર કુસુમસીંહને આરામ માટે કલાવતીને પોતાના ગુપ્ત નિવાસમાં સોંપી કલ્યાણસીંહનું પુનઃ પોતાના રાજા રાણીની સેવા માટે અરણ્યપથે પ્રયાણ-કુસુમસીંહની પિતૃભકિતનું અલૌકિક પિછાણ. પ્રણયી પ્રણયિનીના પવિત્ર પ્રેમની પરસ્પર લ્હાણ, બાદ ક્રુર કોટિલાસીંહનું અચાનક આગમન, કુસુમ કળાનાં વીરત્વ વચન પિતા પુત્રી વચ્ચે ભયંકર યુદ્ધ અંતે એ પ્રેમી પંખીને ક્રુર કેશરી આવી પહોંચતાં થએલું બેડી બંધન.

ટેબલો

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો—અરણ્ય—ઘનઘોર અરણ્યમાં રાણી ભાનુમતિનો હૃદય ભેદક વિલાપ—રાજા કનકસીંહ અને રાણી બન્ને બે ભાન, રાજા રાણીની એ ભીષણ પરિસ્થિતિપર વીર કલ્યાણસીંહનો કરૂણા મય પોકાર—અને

"દશાના દોર દારુણ દુઃશાએ દુઃખનો દરિયો,
કસોટી કાજ કર્યું ભુમિમહીં શ્રી સંભુએ ભરિયો,
કંઇ આનંદ મંગલને કંઇ વરસાદ અમુનો,
હસે છે કોક વ્યક્તિ ત્યાં રડે છે કોઇ વ્યક્તિઓ–"

દશાના દારુણ દોર સંબંધી અસરકારક ઉદગાર–સીપાઇ દ્વારા કુસુમ–કળા કેદ થયાના મળેલા સમાચાર, બાદ રાણીને નિર્જન સ્થાનમાં સેવા સુશ્રુષાને માટે કલ્યાણ લઇ જાય છે તે દરમ્યાન બેભાન થયેલા રાજા કનકસીંહના હાથમાંથી હથીઆર છીનવી લઇ કૌટિલ્યસીંહ તથા કુરસીંહ કૌટિલ્યથી તેને કેદ કરી લઇ જાય છે.

પ્રવેશ બીજો—નાયબ દીવાન ચક્રમસીંહની ઓફીસ–ખોરી સના કારકુનોથી કંટાળેલો નાયબ દીવાન. ચક્રમસિંહનું પતાવાળા પર રમખાણ—શરાબિતાનમાં ગુલતાન–નાયકાઓ સાથે નચાવેલા નાચગાન, ચંચલાએ આવી બતાવેલા ચપલ ચક્ષુબાણ સીંહલજીના કેસનું ધમસાણ અને આખરે સિંહલ–ચપલાના કરેલા હસ્ત મેળાપનું કોરસપાણ–"

પ્રવેશ ત્રીજો—કેશરરી ભુવન-કરેલાં કોટી ક્રુર કાર્યોથી કૌટિલ્યને થતો આંતરિક પશ્ચાતાપ, કેશરીએ તેને કરેલી કેદ, કુસુમ કુમારને કેશરીના હુકમથી દેહાંત દંડની સજા, કલાવતી અને મન્હા દાસીને દેહાંત દંડની સજા તથા ન્હાના કુમાર કીર્તિસીંહને પૃથ્વીપર પટકાવી મારતાં ભાગીરથી રાણીએ કરેલો બચાવ—

ટેબ્લો

પ્રવેશ ચોથો—જંગલ-સીપાઈઓ કુસુમ કુમારને મારવા જાય છે કે દરમ્યાન સાધુના લીબાસમાં વીર કલ્યાણસીંહ આવી પહોંચી ઉપદેશના પ્રચંડ મારથી તેમની મતિ ફેરવી નાખે છે. સેતાનોનું સાધુઓના રૂપમાં પરિવર્તન થાય છે.

હજારોના ભળા ફેંસી, પ્રપંચી પેચમાં પેસી,
કતલ નિર્દોષની કરવી, બળી એ નોકરી કરવી.
ત્યજીદઈ પ્રાણની પરવા, કદી જઈએ અમે મરવા,
છતાં માલીક બે પરવા, બળી એ નોકરી કરવી.
કરી પ્રાણા હુતિ રહીએ, કદા જ્યાં થાય ના કાંયે,
નિરંતર રોદણાં રડીએ, બળી એ નોકરી કરવી.
પરાધિન પિંજરે પડીએ, પરિણામે રડી રહીએ,
ખુની થઈ વિશ્વે વિચરીએ, બળી એ નોકરી કરવી—'

વગેરે શબ્દોથી એવી અત્યાચારની નોકરી નહિ કરવા સખ્ત પ્રતિજ્ઞા લે છે કલ્યાણસીંહ તેઓને તથા કુમારને લઈ પોતાના ગુપ્ત સ્થાનમાં જાય છે.

બાદ કલા તથા વન્દાને લઈ મારાઓ મારવા આવે છે દિવાની બની પતિ પુત્રને શોધતી ભાનુમતિને વન્દાનો મિલાપ થાય છે. મારાઓને તેઓ કરગરે છે છતાં ક્રુર હૃદયમાં દયા ન આવતાં તેઓ કૃપાણ ચલાવે છે તેટલામાં શ્રીમતિ ભાગીરથી આવી સર્વને બચાવી લઈ જાય છે.

પ્રવેશ પાંચમો—જેલખાનું-ઉન્મત દિવાની દશામાં જેલખાનામાં કનકસિંહ । દશા અને સમયની બલિહારી સંબંધી તેના સજજડ

ઉદ્ગાર, કેશરીને પદ સંસાર, – કનક-કેશરી વચ્ચેનો અંતિમ સંવાદ, કેશરી કનકને પોતાનું મસ્તક નમાવી શરણે થવા ફરજ પાડે છે. ત્યારે કનકસીંહ-" એક અવીનાશી સીવાય અન્ય કોઇ ને કનકસીંહનું મસ્તક નમશેજ નહિ" એવો જવાબ વાળે છે. જેથી ગુસ્સે થઇ કેશરી તેને એકદમ કતલ કરવાનો ક્રુરસીંહને હુકમ કરે છે દરમ્યાન કુસુમ-કલ્યાણસીંહ વગેરે આવી પહોંચી કેશરી સાથે યુદ્ધ કરીને તેને કેદ કરે છે.

ટેબ્લો

પ્રવેશ ૬ઠો ચપલાનું મકાન—કિશોરની રાહ જોતી કુંતલાના વિરહોદ્ગાર—કિશોર--કુંતલાનો રમુજી પ્રણય મિલાપ-ગપગેઝેટ બાચતાં વાચતા સિંહલજીનું આગમન તે દ્વારા પિતાના મરણનું કિશોરને પડેલું પિછાણ—પિતા પાછળ પ્રાણ વિસર્જન કરતો કિશોર અને કિશોર પાછળ પ્રાણાર્પણ કરતી કુંતલાને જોઇ ચપલાને થએલી ગભરામણ—ચબરાક સીંહલજી એક યુક્તિ અજમાવી, કિશોર-કુંતલાના પ્રાણ બચાવે છે. અને ઉભયના હસ્ત મીલાપ સાથે સીંહલજીનું "ઇતિશ્રી નાટ્ય પુરાણ"......નું પારાયણ સમાપ્ત થાય છે.

પ્રવેશ ૭મો રાજ દરબાર—કુમાર કુસુમસીંહને રાજ્યાસનપર બેસારી પ્રજાજનોમેં રાજા પ્રજાની ફરજ સમજાવી, આ અસાર સંસારથી કંટાળેલો કનકસીંહ સન્યાસ લઇ જવા નીકળે છે. કુસુમ કુમાર કેદીઓનો ન્યાય થતાં સુધી તેને રોકે છે પિતાની હાજરીમાં કુસુમ કેદીઓનો ન્યાય કરે છે. કૌટિલ્યસીંહને દેહાંત દંડની સજા

ફરમાવવામાં આવતાં તેના અંતઃકરણના અપાર પશ્ચાત્તાપના શબ્દો સાથે કળાવતી રજુ થાય છે. અને પ્રાણેશને વિનવી પિતાની સજાની ક્ષમા અપાવે છે. બાદ કેશરીને કારાગૃહની સજા ફરમાવતાં તે અહંકારી રાજા કટાર ખાઇ આત્મઘાત કરી મરવા તૈયાર થાય છે દરમ્યાન તેના પિતા—મહારાજા હિરણ્ય બાહુ નું રૂહ અંતરિક્ષે જણાતાં તેના પ્રભાવે કેશરીને પોતાનાં કૃત કાર્યોનું ભાન થવાથી અપાર પશ્ચાત્તાપ સાથે પિતાની અસદ ગતિ ટાળવા માટે કુમાર કીર્તિસીંહને પોતાની કુંદનપુરની ગાદી સોંપી મોટા ભાઇ કનકસીંહ સાથે નૈમિષારણ્યમાં તપ આરંભવા નિશ્ચય કરે છે. દરમ્યાન ભાગીરથી, ભાનુમતિ તથા કુમાર કીર્તિસીંહ અને નંદાદાસી સાથે હાજર થાય છે તેમને જોઇ સર્વના અંતરમાં હર્ષ થાય છે બાદ પ્રધાન કૌટિલ્યસીંહ પણ ભવિષ્યનું જીવન પ્રભુ ભક્તિમાં ગાળવાની ઇચ્છાથી કુસુમ કુમારના હસ્તમાં કુમારી કળાવતીનો હસ્ત સોંપી વનવાસી સન્યાસી થવા તૈયાર થાય છે. કલ્યાસીંહને તેની સેવાની કદર કરી મુખ્ય પ્રધાનપદ—તથા પ્રંદાના વંશજોને રાજ તિલકની સત્તા સોંપવા સાથે કુસુમ—કળાના હસ્ત મેળાપ સાથે અમારા આ નાટ્ય પ્રયોગની સમાપ્તિ થાય છે.

शान्तिः शान्तिः शान्तिः

કનક કેશરી નાટકનાં ગાયનો

નાન્દી–મંગળાચરણ.

બાળાઓ— ૧

વંદું વિમળ વિશ્વારામ
જયશ્રીરામ, જયલલામ, રાજીવરામ પરશુરામ
ન્યારી ન્યારી કૃતિ નીરખી શ્યામ..........વંદુ૦

નભ, નગ, નદ, નક્ષત્ર નામ
વિશ્વ વારિધિ વિમળ ધામ
અજર અમર હર જગધર હર હર પ્યારા અભિરામ....વંદુ૦

કંચનીઓ— ૨

નીરે નીધપમ પધગમ પરે ગરે રેગ પધનીમ
પધગમ પરે ગરે નીસા............

સાનીધનીરે સાનીધનીરે ગનીરે ગપરે ગપ
ધનીધપગરે સાનીસા

તનન તનન દીમ નાદીર દીર દીમ દીમ નત નત નન તન
દારે દારે દીમધે તનનનધે તન અલી લીલીમ
કીર્તિ કમલ પ્રફુલ્લ રહો, યાવચ્ચંદ્ર દીવા કરો.

ચેક ટેક નૃપવર પ્રકિત દિન પ્રતિદિન દ્વિગુણીદો
બેતીર ક્રીટ વકતા કર્તાં ગેમે દીન નમ ધેતા ગીન તઘનધા
ક્રીના ક્રીટીત બેતીર ક્રીટતક તક્રીઢધા—(૨)

ભાનુમતિ— ૩

પિયુજી પ્રાણુ પ્યારા પધાર્યા પ્રેમાળ
અંતરના લાલ રસિક રસીયા રસાળ........પિયુજી૦
વસંત વિશ્રામે વ્હાલા વિરહી વિહરીયા
આવો હૈયાના હેતે હિંચોળું હું લાલ........પિયુજી૦
કથની વિરહની કહું કંઇ વરણવી
પ્રણમું પાયે પડું પ્રિતમજી લાલ........પિયુજી૦

કનક ભાનુ— ૪

કનક—" રાણી તું મ્હારી છે પ્યારી સુખકારી સન્નારી
ગોરી ગુણુરાણી ગુલજાર

ભાનુ—" છોડોજી હાથ સુજસાથ તજો એવી વાત
બીજીને બતાવો પ્યાર—"....રાણી૦

કનક—" ના રીસાવો રાણી આવો "
ભાનુ—" દુર જાઓ ના સતાવો. "
કનક—" રાણી સુજાણુ માનિની માન. "
ભાનુ—" જી ન જાવે!........રાણી૦

ભાનુ-" જાઓ જીવન મન મુંઝાયે

છોડી દો મચકાશે બાંયે"

કનક-" જાએ જીવન મન મુંઝાયે

તો ન પડશો ફરીથી પાયે."

ભાનુ-"ના જાઓ જી આવો; રીઝાવો, મનાવો

આતમદારા દીલદાર"........શાણી૦

ચપલા— ૫

હારે કોને કહેવી વિધવાની આવી વિપત્તિ

વિધવાની વિપત્તિ વિધવાને વિતતી........હારેકોને૦

વિધવા વનિતા વિહારી વિનાની

સ્વામી વિનાની બળી જીંદગાની........હારેકોને૦

સંસારનાં સુખ વૈભવ સંપત્તિ

વિધવા સ્ત્રીને મન હોળી સળગતી........વિધવાની

૬

ચપલા-"ચિત્ત ચોર છો ચકોર સલુણા શામળા

લટકાળાજી વાહ લ્હેરી લાલાજી વાહ

કરી કુંતલાનું કામ વ્હેલા વળજો વિરામ"

સિંહલજી-"રસીલી શામા ભોળી ભામા કારીકટાક્ષની તેં

મારી કટારીયાં, અહા પ્યારી મારી કટારીયાં

કંપનીઓ— ૭

શરાબે અરગવાનીસે પયાપય જામ ભર ભરદે
તેરે કુરબાન અયસાકી નશેમેં મસ્ત કરકરદે
પીલાકર મય ભુલા દેતા હુય દીલસે ગમદો આલમ કે
તેરે કદમો પેંસાકીરંદ કયું કર સરન ધર ધરદે
શરાબે નાબકી તારીફ કયા હે હુમસે અયકામીલ
મીટાકર જો ગમીકો શાદ માની દીલમેં ભર ભરદે

કેસરી— ૮

સમશેરો ચમકાવી શત્રુને હુંફાવી જીતી સંગ્રામ
ક્ષણ ભરમાં રણ સ્થળમાં અરિદળનાં સર્વેના મુકાવી માન
શત્રુ દળને જઇ સધ નમાવ્યા જાલીમ જુલ્મ જમાવો જમાવી
બહાદુરી બળને બતલાવો પુરી કરી ખુવારી
સૃષ્ટિ આ સારી, ધ્રુજાવી ભારી જીતો સંગ્રામ

કળાવતી— ૯

મનહર મુદભર મધુરી મીઠ માંડી નેત્ર ત્રાસ્યાં
પ્રિય પ્રાણ તોય ન આવ્યાં
વિરહી વિપલ પણ જુગ સમ જાયે
અંતર પ્રિય વીણ અતિ ગભરાયે
તનમાં મનમાં લાગી લાહ્ય પ્રજળે કાયા........પિયુ૦

શરદ ચંદ્રિકા સુહાય શુભ કેવી ખીલી
વળી વનવાટિકામાં વૃક્ષલતા કેવી ખીલી
કળી કુમળી કુસુમની કાન્તિવાળી કેવી ખીલી
મૃદુ યૌવનની બહાર મ્હારી તેવી ખીલી

—વિરહી વિપદ૦—

બાને સાહેલીઓ— ૧૦

સા—"વાહ વાહ નાનકડી નાજુક નાર
શરમાતી ના ચાલી આ સાહેલી"
ક—"જાઓ સતાવો નહિં નાહક બનાવો
જાણી જાણી તમો અહિંથી વ્હેલી"
સા—"આવે રસીક વર જો અલબેલી
મીટ માંડી રહી જ્યાં મહમેલી"
ક—"પત્થર પ્રતિમા સમી જણાઓ
નાહક શાને મ્હને બનાવે"
સા—"જાણી રંગીલી રસીલી છબીલી"
ક—"વૃથા શાને બનાવો શરમીલી"........વાહવાહ૦

૧૧

કુસુમ—"પ્રાણથી પ્યારી, સરલસારી, મૃદુસુરલી,
છુમરે જતી ગઇ, જતી ગઇ હાં—"

કળા—" અલબેલા આમ આવો, રસીલાજી રીઝાવો
મીટો અણુમોલી મીલાવો, ઉર્મિ અંતરની જગાવો
સ્વાતિક જળ વિણ ચાતક જેમ હું તલ્પું છું
પ્રિય પ્રાણ વિના—"

કુ૦—" કુરબાન સદા નિજ પ્રાણ કરે,
પ્રણયિ—પ્રણયિની પરેજ મરે"

કુંતલા— ૧૨

જંગ જોબનનો જાલીમ જમાવું હું
મન મોહનને માનથી મનાવું હું
પ્યારા પંખીજી પ્રેમ પિંજરે પુરી દઉં
મારી નયનબાણુ એ અજાણ્યા ને વિંધી દઉં,
ઝુલું હું ઝુલાવું ડોલાવું યૌવનનો વ્હાર હું—જંગ૦

કુંતલા— ૧૩

મળજો જરૂર માણીશું મોહન મારા
પ્રેમી પંખીજી પ્રેમ કુંજમાં પ્યારા....મળજો૦
આનંદ આનંદ આજ અતિ મ્હારે
પ્રેમ અમૃત રસ રેલીએ પ્યારા—"

કિશોર-લોભાવી લાલને લેતી તું લલનારે
પ્યારી પંખિણી ને પ્રેમ બાણુ માર્યા"—મળજો૦

૧૪

ચેલા—" ગેટ આઉટ ગમાર, ચલ લુચ્ચા ચમાર,
વ્યભીચાર કરનારને ધિક્કાર છે,

સીંહલજી—" આઇ એમ જેન્ટલમેન, વૃથા બોલે છે વેણ,
લાયબલ કેસ કોરટે જનાર છે.... ગેટ—
સુરત સુંદર છે, બંદા વીર નર છે,"

ચપલા—" શું શું તું નર છે ? નાના ખચ્ચર છે.
બુરા કામી કુકર્મી ધિક્કાર છે.

સી૰—" બંદા તારા માથાના સરદાર છે'....ગેટ—

કેશરીને તેનું સૈન્ય— ૧૫

હાં જંગી શેરો શત્રુને ચોતરફ ઘેરો
લશ્કરને આગળ ઘેરો ઘાલીને સંગ્રામે સર્વને દળો
સમશેર જોરદાર ચમકાવો તેજદાર
દુશ્મનનો કારમાર મીલાવો ખાકસાર—હાંજંગી૰
દેખાડો જોર દોર શત્રુમાં ગોર ગોર
શરમાવી શત્રુ દોર જમાવો જંગી જોર—હાંજંગી૰

અંક પહેલો સમાપ્ત.

અંક બીજો.

ભાનુમતિ— ૧૬

ભયંકર ભવરણુ ભીતિ મહ ભાસે
રાજ નિવાસ થઇ હું વનવાસી
હાય શુન્ય આ હૃદય દુઃખથી તવાઇ
વિધીયે દશા કીધી થયાં સુખ ન્યારાં
વિપત્તિઓ સહુ કયારે ટળે ?
જીવન ખારૂં લાગે પ્રિયજન વિણુ હવે—ભયંકર૦

કનક— ૧૭

પ્રભુથી પ્રાપ્તિ સુખની જ્યાં ત્યહાં પણુ દુઃખની ઘડી
વિવાહો ત્સવ થતા જ્યાં ત્યાં જણાયે મૃત્યુની ઘડી
આવતી આફત વીર મરદ પર
ના મરદો પર આફત કયાંથી ?
ખોટ ખરાબા સખીજન ઉપર
કંજુસ જન પર જહેમત કયાંથી ?
ગ્રહણુ બને છે ચંદ્ર સુરજથી
તારલીઓની શક્તિજ કયાંથી ?

કન્હા— ૧૮

રવડું હું રાતદીન રાન વિભુ દયા ધર
ફિરતાર કૃપા કર
ભટકું ભયાનક ભવસરે ભૂધર દયા ધર—ફિરતાર૦
છ માસનું સંતાન છે આ હાલ નજર ધર—ફિરતાર૦
ભમું છું બ્હાવરી બની હું કંદરે કંદર—ફિરતાર૦
મેળાવ મહારાજને મધવેશ મયાકર—ફિરતાર૦

ભાનુ— ૧૯

મેળાવો કોઇ માયાળુ મારો લાલ,
બાલુડાને નીરખે નયન ક્યાં ?
હાય કોને હું સુણાવું રે બુરા હાલ—મેળાવો
હિમ્મત હૈડે ના રહે, હૈયું ફાટી જાય,
આફત આ સ્હેતાં અરે, તનડું ત્રાસી જાય
ક્યાં ખોયું ! ક્યાં પામું ! રે મારો લાલ—મેળાવો

કુંતલા— ૨૦

ઠીકઠીકથી ઠઠોલી પ્રાણ પ્યારા, નયનના તારા,
વારી જાઉં જીવન મુજ પ્રાણ,
શાણા શોખીલા શ્યામ મારા—ઠીક

કિશોર—'દીપકશી દીપતી દારા હું પતંગ પ્રાણી છું,
પ્રિયાતું બંસરી ને હું કુરંગ પ્રાણી છું."

કુંવલા—" નહિં જી નાથ નથી નરવર હું નારી છું.
મનુષ્ય માત્ર નથી પામર હું નારી છું
વાહ જી શિકાર વાહ વાહ—

કિશોર—" મધુરી મુરલી ઉં હું પ્રણય માધુરી છું,
દેવીનું દેવીત્વ હું મધુર માધુરી છું."

કુંવલા—" વિષ્ણુ પાવક નથી શિવ [illegible] નારી છું
ભાવના દેવ નથી [illegible] દેવની હું નારી છું"

કિશોર—" વાહ જી ગુલઝાર વાહવાહ—ઠીક

નાયકાઓ— ૨૧

પિયરવાશી પ્યારી રસીલીજ્યુ ન્યારી ન્યારી ન્યારી
સુખ દુખ જોઇકર ભઇ હું બાવરીયા
સાંવરે ગોરી દેખકે સુરતીયાં
રંગીલે રસીલે મનહર તોરે નયન
દેખે બિન આવે નહિ મોહે સુખ ચયન
તરસાવે મોરા જીયા લલચાવે મોરા જીયા

કલા— ૨૨

જીવન વિશ્રામ લ્યો, એવી નકામી વાત વિસારી
ક્યાં સુખ તો ક્યાં દુઃખ છે, વિરંચીની કૃતિ ન્યારી

કુ૦—કળાપ્યારી પ્રિયા મારી ખરે ન્યારી કળા ત્હારી
મૃદુ મુર્તિ મનોહારી મને કીધો તેં આભારી
કળા૦—નબોલો નાથ એ વેણો ભવોભવની હું દાસી છું
પ્રભુ પ્રિય પ્રાણ મ્હારા આ પ્રભુની હું ઉપાસી છું

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

કનક—   ૨૩

—પ્યારી પ્રમદાને પ્રભુજી બચાવોરે
સલુણી સતીને નહિ સતાવોરે........પ્યારી૦
ચંદ્રવદની ચારૂકાન્તિ ચતુરાને બચાવોરે
સુંદરી સુભગા સતિ અહા ! પ્રિયપતિની છે કાંતિ
પ્યારી૦

સિંહુ-અપ્સરા—   ૨૪

આવો આવો સ્વીક રમાવર પુજું પાય તમારા
માનસ સરના રાજ હંસ થઇ મુકતા ફળને ચરશો
દેવ હૃદય વસનારા મ્હારા.......આવો૦

સીં૦-ધન્ય દીવસ છે આજ અમારો

અ૦-પ્રેમી પતિ અબળાને તારો
સેવા સ્વીકારીને પાપ નિવારો

સીં૦-નીશદિન ચાહું આપુ.......આવો૦

કેશરી—   ૨૫

આજ મેં વિપત્તિઓ વધાવી
કર્મ ગતિ મ્હારી ન્યારી ન્યારી પ્યારી પ્યારી
છળ બળથી કીધીજ સવાઇ

હસ્તો ઉમેદ પુરી કીધી કળભળામાં
કીર્તિ, લક્ષ્મી, શક્તિ, ને શ્રી મળી થઇ અપાર
વિજયની વધાઇ..............આજ૦

કુસુમ— ૨૬

દયા લાવ આરી પ્રભુ મ્હારી
આવ્યો થઇ અલબેલી પ્યારી
ક્યાં થઇ ગઇ શરીરથી ન્યારી
થયો કુર આમ વિધી શું કામ ?
વિધાતા તુજ કૃતિ છે ન્યારી થઇ ખ્વારી.......દયા૦
જગધર જગહર તુંછે પાલક ટાલક સોનો
તુજ પર કર દયા, વિભુવર કરતું મયા, દીનદાસ આ,
વિશ્વસાર, વિશ્વાધાર, વિશ્વમાં વસી રહેનાર....દયા૦

આશુ— ૨૭

ક્યાં મળે પ્રાણ જીવન પ્યારા
ધરણીએ સુત ક્યાં છે મ્હારા ?
પ્રભુ ભક્ત વત્સલ કાં બિરદ ચુકો
થઇ ધર્મ ધુરંધર ધર્મ ચુકો
સ્વામી સુત મેળાવો મ્હારા........ક્યાં૦

કનક—

૨૮

જીવન પલટાઈ જવાનું અરે અંતે ખરી જવું
એથી બહેતર છે આખર કે લડાઈમાં મરી જવું
કલેવર ખાકથી નિપજ્યું ખરેખર ખાક થાવાનું
વિરાગી રાગી કે ભોગી બધા ભુંડામે જવાનું
વૈરાગ્નિમાં પ્રજળવું એ ખરેખર હોળીમાં બળવું
ઠીલી ઝોળી લઇ ફરવું ભલું એથી અધિક મરવું

૨૯

કુંતલા—"છોડો છોડો પિયુજી કર છોડો
શરમાવો ના ભોળી નાર

કિન—"અલબેલી રંગીલી તું છે પ્યારી"

કું૦—"છે ન્યારી પ્રીત તમારી છોડોજી દીલદારી
વિલાસી, હુલાસી, લાલાજી, જાઓજી...છોડો—

કિ૦—"મીઠી મુર્તિ આ ત્હારી ઠસી ગઇ દીલમાં
વસી તન મનમાં"

કું૦—"તન અતિ છલકાય મન મલકાય અંતર માંહ્ય
કંઇ કંઇ થાય, મદન વ્યથાય....છોડો૦

૬૦

સીંહલ ચપલા અને કિશોર કુંતલા

થઇ ગઇ સહુની શાદી થાતી સહી બરબાદી
આતો બની આબાદી ઇચ્છા પુરી થઇ છે આજ
ઠીક જોડી મળી હાં પ્રણય ફળી ખીલી
નાચો ગાવો આવો ધુમ મચાવો રે આપસમાં આજ

સર્વે—

૬૧

વિજય જય જય વિશ્વે વરજો
સુર્ય કુળ માર્તંડ પ્રગટજો
શ્રીપતિ શ્રીકાર કરજો
કિરતાર, પાલનહાર, ગુણઆગાર, તેં સુખ સાજ્યું
તુંહીજ્યોતિ, તુંવિભુતિ વિશ્વમુર્તિ પ્રાણપ્યારા
સર્વ સાક્ષી સૌથી ન્યારા..........વિજય૦

शान्तिः शान्तिः शान्तिः

નામદાર મુંબઇ સરકારની

ગવર્નમેન્ટ લેબોરેટરીમાં વિદ્વાન સરકારી ડાક્ટરે અમારી બનાવેલી **બાદશાહી યાકુતી અનંગ વિલાસ**ની ગોળીઓ એનાલાઇઝ કરીને તેમાં કોઇ પણ જાતની નુકશાનકારક ચીજ નથી એવું સરટીફીકેટ આપેલ છે. અને એ ઉમદા રજવાડી દવા અકસીર હોવાથીજ વિલાયતમાં પાસ થએલા મોટા ડાકટરો, રાજા મહારાજાઓ, નવાબો તથા દેશી અને ઇંગ્રેજ ઓફીસરો અને મોટા સરકારી અમલદારોમાં પણ બહુ વખણાય છે.

બાદશાહી યાકુતી.

અનંગ વિલાસ

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરુષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્યવિકારના તમામ વ્યાધી મટાડે છે. અને વીર્ય ઘટ્ટ બનાવી ખરું પુરુષાતન આપે છે. ખરી મરદાઇ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર. આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઇ પણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોળીની ડબી એકના રૂપીઆ દશ.

બાદશાહી યુનાની લેપ

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે; અને તે નસોને પુરતી તાકાત આપે છે. ખરું પુરુષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે. આઉંસ એકના ડબીના રૂપીઆ આઠ તમામ દવાઓનું પોસ્ટ ખર્ચ જુદું.

ડાક્ટર કાલીદાસ મોતીરામ—રાજકોટ—કાઠીયાવાડ.

જાહેર ખબર

અમારી કંપનીના ભજવેલાં નાટકનાં ગાયનોની ચોપડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચેની કીંમતે ટપાલથી મંગાવ્યાથી મોકલવામાં આવશે.

ચોપડીનું નામ	કીંમત.
બીલ્વમંગળ ઉર્ફે સુરદાસ	૦—૨—૦
શ્રી જાહિલ વિજય	૦—૨—૦
સુરેખા હરણ	૦—૨—૦
નાગર ભક્ત	૦—૨—૦
નીલમ—માણેક	૦—૨—૦
મનહર—મેના	૦—૨—૦
યોગ કન્યા	૦—૨—૦
મહાશ્વેતા—કાદમ્બરી	૦—૨—૦
રજની—ચંદ્ર	૦—૨—૦
જોહરે શમશીર...	૦—૨—૦
શ્રી જંબનવી	૦—૨—૦
માતૃ પીતૃ ભક્ત પુંડરીક	૦—૨—૦
ઉર્વશી—પુરૂરવા...	૦—૨—૦
હોથલ પદમણી...	૦—૨—૦
જેસલ તોરલ	૦—૨—૦
બીરબલ બાદશાહ	૦—૨—૦
ચંદ્ર પ્રભા	૦—૨—૦
પ્રવીણ—સાગર	૦—૨—૦

માલીક—વી. એમ. મનીપુરીઆ.

શ્રી વિજય ગૌતમ નાટક સમાજ.